છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

"Its not about how much money
you make, it's how you save it !"

ગત ૫ જુલાઈ ૨૦૧૯ના રોજ નવી ચૂંટાયેલી સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્ર બે રીતે મહત્ત્વનું છે.

૧. નવી ચૂંટાયેલી સરકારનું આ પહેલું અંદાજપત્ર છે.

૨. દેશની આર્થિક સ્થિતિ બાબતે, રાષ્ટ્રીય આવકના આંકડાઓ બાબતે કે વિકાસની વિભાવના બાબતે

દેશમાં જ્યારે ખૂબ વિવાદ ચાલી રહ્યો છે ત્યારે આ અંદાજપત્ર રજૂ થયું છે.

અંદાજપત્ર એ સરકાર દ્વારા લોકપ્રતિનિધિઓ સમક્ષ રજૂ થયેલ નાણાકીય નિવેદન છે, જેમાં સરકારને કેટલી આવક થશે અને સરકાર તે આવકને કઈ રીતે ખર્ચશે તેના આંકડા રજૂ કરવામાં આવે છે. આ અંદાજપત્ર સંસદ પસાર કરે પછી જ સત્તારૂઢ સરકાર એ નાણાં મેળવવા કે ખર્ચવા હકદાર બને છે. સામાન્ય રીતે અંદાજપત્ર રજૂ કરતાં પહેલાં દરેક સરકારે એનું રિપોર્ટ કાર્ડ આપવાનું હોય છે, જેને આર્થિક સર્વે રૂપે અંદાજપત્ર રજૂ કરતાં પહેલાં સંસદ સમક્ષ મૂકે છે. અંદાજપત્ર સામાન્ય રીતે આર્થિક સર્વેના આધારે ઘડવામાં આવે છે. આ વર્ષ ૨૦૧૮-૧૯નો આર્થિક સર્વે પણ અંદાજપત્રને આગલે દિવસે રાબેતા મુજબ રજૂ કરવામાં આવ્યો. આ હેવાલમાં આર્થિક વિકાસનો ઘટેલો દર, ઘટતી રોજગારી, ખેડૂતની ઘટતી જતી આવકો, બચત અને મૂડી રોકાણમાં ઘટાડો, બૅંકોની કથળતી જતી સ્થિતિ વગેરે સમસ્યાઓ રજૂ કરવામાં આવી છે. સામાન્ય પરંપરા અનુસાર આર્થિક સર્વેમાં જે સમસ્યાઓ દર્શાવવામાં આવે તેના પર ચર્ચા વિચારણા કરી અંદાજપત્ર એ પ્રશ્નોમાં સરકાર શું કરવા માંગે છે તે દર્શાવે પણ આવો



પ્રયાસ આ અંદાજપત્રમાં થયો નથી. આર્થિક સર્વેના રિપોર્ટને એક તરફ રાખી આ અંદાજપત્ર નવા ભારતના સર્જનની દિશામાં આગળ જવાની વાત કરે. ''નવું ભારત'' એટલે શું એની ચર્ચા થઈ નથી, પણ વિત્તમંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે "We has set the ball rolling for a new India, planned and assisted by Niti Aayog, a broad based think tank. We have shown by our deeds that principle of Reform, Perform and Transform can succeed." અને એટલે એ વ્યૂહરચનાની સરકાર આગળ ચાલવા માંગે છે.

નવું ભારત સર્જવાના લક્ષ્યને પહોંચવા માટે ભારતીય અર્થતંત્રના કદને એક યા બીજા રસ્તે વિસ્તારવું અને પાંચ વર્ષના અંતે ઓછામાં ઓછું '૫ ટ્રિલિયન'નું કરવું, એવું અંદાજપત્ર સૂચવે છે જેથી વિશ્વના દેશોમાં ભારત ઉજો નંબર હાંસલ કરી શકે. ગાંધીજીએ એક વખત નહેરુને કહ્યું હતું કે જ્યારે તમને મૂંઝવણ થાય ત્યારે તમારા નીતિથી નાનામાં નાના માણસને ફાયદો થાય છે કે નુકસાન તે જોવું. આજે શું કરવું ન કરવું તે નક્કી કરવા માટે નવી ગુરુ ચાવી મળી છે અને તે રાષ્ટ્રીય આવકમાં ૫ ટ્રિલિયનની નજીક પહોંચી કે નહીં આના જોખમો સુવિદિત છે એટલે ચર્ચા કરતી નથી.

સરકારે નવા ભારતના સર્જન માટે દસ આયામોને મહત્ત્વ આપ્યું છે, જેમાં વધુમાં વધુ શાસન અને ઓછામાં ઓછા નિયંત્રણ, પર્યાવરણ મુક્ત ભારત, ડીજીટલ ભારત, અવકાશ ક્ષેત્રે મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ, ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓમાં ખાસ કરીને (કનેક્ટિવિટી), પાણી વ્યવસ્થાપન અને ચોખ્ખી નદીઓ, સમુદ્રી સાધનો, સ્વાવલંબન, નીરોગી સમાજ, પોષિત બાળકો અને બહેનો, સહુની સલામતી વગેરેનો સમાવેશ થાય છે. આર્થિક સર્વેમાં જે સમસ્યાઓની વાત કરી છે, ગરીબી, બેરોજગારી, બૅંકોની કથળતી સ્થિતિ વગેરેની વાત નથી. એમ માની લીધું છે કે વિકાસના એન્જિનને ચાલકબળ ઉપરોક્ત આયામો આપશે. ૫ ટ્રિલિયનનો રાષ્ટ્રીય આવકના લક્ષ્યને પહોંચવા ૮% કરતા વધારે સતત વિકાસ કરવો પડે. આ માટે ઊંચા દરે મૂડીરોકાણ થાય તે જરૂરી છે પણ અંદાજપત્રમાં મૂડીરોકાણને આકર્ષવા ખાસ કોઈ પગલાં લીધા નથી. અત્યારે ઘટી રહેલા બચતદરને કઈ રીતે વધારવો એની ચર્ચા થઈ નથી. વિદેશી મૂડી અને દેવા પર મદાર બાંધ્યો છે પણ ખાધનું શું ? એ જવાબ વગરનો પ્રશ્ન છે.

**(અનુસંધાન પૃ.૨૬ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

● પ્રકાશક ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

**સમુદાય શિક્ષણ ભવન**

ઑફ આશ્રમરોડ,

નવજીવન પ્રેસ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૪

ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪

Email : iscehouse@gmail.com

Website : http://iscecommunity.org

Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો તો આભારી થઈશું.**

મુદ્રક :

**અર્થ કમ્પ્યૂટર**

૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,

સી. યુ. શાહ કૉલેજ પાસે,

ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪

મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. ૨.૧ સ્વરાજની અર્ધી સદી : શિક્ષણનીતિનો વિકાસ | ૪ |
| ૨.૨ રાષ્ટ્રભાષા હિન્દીનું વધતું જતું મહત્ત્વ | ૮ |
| ૩. વસ્તીનું માળખું અને અર્થતંત્ર | ૧૧ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૪ |
| ૪.૧ ૧૩મી વાચન શિબિર | ૧૪ |
| ૪.૨ પ્રા. રામલાલ પરીખ જન્મજયંતી વ્યાખ્યાન | ૧૬ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૧૮ |
| ૫.૧ બા-બાપુનાં ૧૫૦ વર્ષ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય પરિસંવાદ | ૧૮ |
| ૫.૨ વેલ બિલ્ટ સાઈકલ : સમુદાય વિકાસનો અનેરો કાર્યક્રમ | ૧૯ |
| ૫.૩ આગામી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ | ૨૦ |
| ૬. પુસ્તક પરિચય | ૨૨ |
| અનુભવની એરણ પરથી | |
| ૭. આગામી કાર્યક્રમો | ૨૪ |
| ૭.૧ સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ | ૨૪ |
| ૭.૨ કાર્યશાળા : સંવેદનશીલ નાગરિકત્વની કેળવણી | ૨૪ |
| ૭.૩ વસ્તી સમસ્યા પર મોબાઈલ વિડિયો ફિલ્મ સ્પર્ધા | ૨૫ |
| ૭.૪ શાળા સ્વચ્છતા અભિયાન જાગૃતિ કાર્યક્રમ | ૨૫ |
| ૭.૫ ધ્વજવંદન | ૨૫ |



## ૨.૧ સ્વરાજની અર્ધી સદી : શિક્ષણનીતિનો વિકાસ

**- પ્રા. રામલાલ પરીખ**

ભારતની સ્વરાજપ્રાપ્તિને પચાસ વર્ષ પૂરાં થયાં. પાંચ દશકની વિકાસયાત્રાનો આ એક ભગીરથ પડાવ છે. ૮મી ઑગસ્ટ ૧૯૪૨ના રોજ સ્વતંત્રતાના આખરી સંગ્રામની હાકલ ગાંધીજીએ કરી. તે વખતે તેમણે કહ્યું હતું કે તેઓ માત્ર ભારતની મુક્તિનો જંગ ખેલી રહ્યા નથી પણ સમગ્ર સામ્રાજ્યવાદની પદ્ધતિ સામે, સમગ્ર માનવજાતની મુક્તિ માટેનો જંગ ખેલી રહ્યા છે. ગાંધીજી કહેતા હતા કે સ્વરાજનો અર્થ માત્ર રાજકીય મુક્તિ નથી પણ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રોમાં લોકો પોતાનો વિકાસ સ્વમેળે સાધી શકે એવી પરિસ્થિતિ સર્જવી એ છે. સર્વાંગી મુક્તિ એ ગાંધીજીનું સ્વપ્ન હતું. સ્વરાજ મળતાંની સાથે જ ભારતમાં લોકજીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકાસનાં દ્વાર ખુલ્લાં થયાં. ભારતને સ્વતંત્રતાની સાથે વિશ્વભરના પરાધીન દેશો સંસ્થાનવાદની નાગચૂડમાંથી એક પછી એક મુક્ત થતા ગયા. સમગ્ર વિશ્વમાં જાણે સ્વતંત્ર-રાષ્ટ્રોના સર્જનની હોડ મચી. ભારતની સ્વતંત્રતાએ અનેક રાષ્ટ્રોમાં નવા યુગનું સર્જન કર્યું. આવી જ રીતે ભારતે શરૂ કરેલા આયોજિત વિકાસના પગલે વિશ્વભરમાં નવોદિત રાષ્ટ્રોમાં સર્વાંગી વિકાસની નવયાત્રા શરૂ થઈ.

સ્વરાજની ઘડીઓ ગણાતી હતી ત્યારે ગાંધીજીએ જવાહરલાલ નહેરુને શીખ આપી હતી કે વિકાસનો કોઈ પણ કાર્યક્રમ ઘડતી વખતે જે ગરીબમાં ગરીબ માણસ છે તેને લક્ષ્યમાં રાખવો. ભારતની દારુણ ગરીબીને દૂર કરવાનો પ્રારંભ સૌથી છેલ્લા માનવીથી શરૂ કરવો. ૫૦ વર્ષમાં અનેક ક્ષેત્રોમાં ભૌતિક વિકાસ થયો પણ છેલ્લો માનવી તેમાં છેલ્લો જ રહ્યો. જો વિકાસ યાત્રામાં તેને પ્રથમ હરોળમાં રખાયો હોત તો ભારતની દારુણ ગરીબી દૂર કરવામાં આપણે સફળ થયા હોત. પણ આપણો આયોજિત વિકાસ અન્ય દિશામાં ચાલ્યો.

પ્રથમ તો તળભૂમિના લોકસમાજના વિકાસને કેન્દ્રમાં રાખવાને બદલે સમગ્ર રાષ્ટ્રના વિકાસને ઉપરથી નીચે લઈ જવાનો પ્રયાસ થયો. તેનું પરિણામ વિકાસના લાભો તળભૂમિના માણસ સુધી ઊતરી શક્યા નહીં. ગાંધીજીની કલ્પનાના ગ્રામસ્વરાજને કેન્દ્રમાં રાખવાને બદલે મોટાં ક્ષેત્રોમાં ઉત્પાદનને વધારવાને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. વિકાસને નીચેથી ઉપર લઈ જવાને

બદલે ઉપરથી નીચે લાવવામાં પ્રયાસને પૂરી સફળતા મળી નહીં. અર્ધી સદીના વિકાસની આ પ્રથમ ખાસિયત રહી છે.

સ્વતંત્ર ભારતના વિકાસ યાત્રાની બીજી નોંધનીય બાબત એ રહી કે વિકાસ ટોચથી થવાને કારણે સહુ કોઈએ ટોચ તરફ નજર રાખવી પડી. ગ્રામપંચાયતે તાલુકા પંચાયત તરફ, તાલુકા પંચાયતે જિલ્લા પંચાયત તરફ, જિલ્લાપંચાયતે રાજ્ય સરકાર તરફ, રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફ અને કેન્દ્ર સરકારે વિશ્વબૅંક તરફ નજર રાખવી પડી. છેક નીચેનો માણસ અમલદારો તરફ નજર રાખતો થયો. દરેક અમલદાર ઉપરી અમલદાર તરફ નજર રાખવા માંડ્યો અને આમ ઉપરથી નીચે વિકાસની પ્રક્રિયાથી નીચલાં સ્તરો કે તળભૂમિના લોકોની પહેલ શક્તિ હણાઈ ગઈ. તેથી ચોતરફ રાષ્ટ્રીય વિકાસ થવા છતાં છેલ્લા માનવીનો ઝડપી વિકાસ થયો નહીં.

વિકાસની યાત્રામાં એ પણ જોવા મળ્યું કે જેમની પાસે જમીન છે, મિલકત છે, સંપત્તિ છે, જ્ઞાન છે, કૌશલ્ય છે તેમનો ઝડપથી વિકાસ થયો પણ જે સાધનહીન છે, જેની પાસે પરિશ્રમ કરવાની શક્તિ સિવાય અન્ય કોઈ સાધન નથી, જમીન, મિલકત કે સંપત્તિ નથી તેની શ્રમશક્તિને મૂડી ગણીને તેનો વિકાસ કરવાનું આયોજન થયું નહીં. તેથી તે નિર્ધન જ રહ્યો અને જેની પાસે સંપત્તિ છે તેની સંપત્તિ વધતી રહી. વિકાસની આ ખામીભરી વ્યૂહરચનાને પરિણામે અનેક ક્ષેત્રોમાં અને ખાસ કરીને આર્થિક ઉત્પાદનના ક્ષેત્રોમાં અનેકગણો વિકાસ થવા છતાં આર્થિક અસમાનતા વધી છે. ભારતીય સમાજમાં વ્યાપેલી સદીઓ જૂની સામાજિક અને આર્થિક અસમાનતા દૂર કરવામાં વિકાસની યાત્રાથી મોટો ફેર પડ્યો નથી.

વિકાસની આ મર્યાદાઓને લીધે શિક્ષણક્ષેત્રે સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતમાં અને ભારતમાં નોંધપાત્ર વિકાસ થયો છે. શિક્ષણ એ માનવ વિકાસનું સૌથી અસરકારક સાધન છે. એટલે શિક્ષણ બધાને મળવું જોઈએ એ નિર્વિવાદ છે. વિકસિત દેશો શિક્ષણનો વ્યાપક પ્રચાર કરીને ઝડપી આર્થિક વિકાસ સાધી શક્યા છે. ભારત સમક્ષ હંમેશાં આ ઉદાહરણ રહ્યું છે. સંખ્યાત્મક રીતે જોઈએ તો ભારતે આ ક્ષેત્રોમાં અદ્વિતીય પ્રગતિ કરી છે. દસ કરોડથી વધુ બાળકો પ્રાથમિક શાળામાં દાખલ થાય છે. ત્રણ કરોડથી વધુ માધ્યમિક શિક્ષણમાં ભણે છે. સાઠ લાખથી વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીઓમાં ભણે છે. ૫૦ વર્ષ પહેલાં યુનિવર્સિટીઓની સંખ્યા માંડ ૫૦ની હતી. આજે યુનિવર્સિટીઓની



સંખ્યા ૨૪૦ થી વધુ છે. કૉલેજોની સંખ્યા માંડ ૫૦૦ હતી. આજે ૮૦૦૦થી વધુ છે અને દર વર્ષે ૧૦૦૦થી વધુ કૉલેજોનો ઉમેરો થાય છે. ટૅક્નિકલ વિજ્ઞાનથી સજ્જ માનવશક્તિની સંખ્યામાં વિશ્વમાં ભારત બીજા નંબરનું રાષ્ટ્ર છે. છતાં હજુ ૪૮ ટકાથી વધુ વસતિ નિરક્ષર છે. સાક્ષરતા મિશન દ્વારા પાંચ કરોડ નિરક્ષરોને આવરી લેવાયા, છતાં નિરક્ષરતાની નાબૂદીનો વિરાટ પડકાર ઊભો છે. ગુજરાતમાં ૩૬ લાખ લોકોને સાક્ષરતા અભિયાનમાં આવરી લેવાયા. ગુજરાતમાં પુરુષોની સાક્ષરતાનો દર ૭૨ ટકા સુધી પહોંચ્યો છે પણ મહિલા સાક્ષરતાનો દર ૪૮ ટકાએ અટકી ગયો છે. મહિલા શિક્ષણ વિનામૂલ્યે હોવા છતાં ગુજરાતમાં પુખ્ત મહિલાઓની અડધો અડધ સંખ્યા નિરક્ષર છે. હજી તે પોતાનું નામ લખી શકતી નથી અને પોતાની સહી કરી શકતી નથી. અંગૂઠાથી સહી કરવાની પ્રથા હજુ ચૂંટણીમાં મત આપતી વખતે પણ ચાલુ છે. ઉચ્ચ શિક્ષણનો ગમે તેટલો વ્યાપ થાય, પણ જો છેલ્લા માનવીનો વિકાસ કરવો હોય તો નિરક્ષરતાની સંપૂર્ણ નાબૂદી કર્યા વિના ભારતના તમામ લોકોનો સામાજિક વિકાસ શક્ય નથી. થાઈલેન્ડ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયા જેવા પડોશી દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ૯૦ ટકાથી ઉપર છે, જ્યારે ભારતમાં માંડ ૫૦ ટકા જેટલું છે. એ ભારતીય વિકાસયાત્રાની નિષ્ફળતાની નિશાની છે.

સ્વરાજ મળતાની સાથે જ ૧૯૫૦માં શિક્ષણની પુર્નરચના માટે આપણા વિખ્યાત તત્ત્વજ્ઞાની શિક્ષણશાસ્ત્રી ડૉ. રાધાકૃષ્ણન્‌ના પ્રમુખપદે યુનિવર્સિટી શિક્ષણપંચ રચાયું. તેની ભલામણ મુજબ વિશ્વવિદ્યાલય અનુદાનની રચના કરવામાં આવી. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના પ્રયાસથી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓનો ઝડપી વિકાસ થયો, પણ ગ્રામસમાજમાં ઉચ્ચ શિક્ષણનો ફેલાવો ખૂબ જ મર્યાદિત રહ્યો. ડૉ. રાધાકૃષ્ણન્‌ના પંચના એક સભ્ય આર્થર મોરગને 'ગ્રામ વિદ્યાપીઠ' સ્થાપવાની ભલામણ કરી હતી. પણ તે દિશામાં નોંધપાત્ર કાર્ય થયું નથી. ગુજરાતમાં લોકભારતીથી શરૂ કરીને ૩૪ જેટલી ગ્રામવિદ્યાપીઠો શરૂ થઈ. પણ નઈ તાલીમની ગાંધીજીની ક્રાંતિકારી શિક્ષણ તરેહનો અમલ કરવાનું કાર્ય પણ થઈ શક્યું નહીં. આથી શહેરો અને ગામડીઓ વચ્ચે શિક્ષણની સવલતો અંગે ભારે અસમાનતા ચાલુ રહી. ગુજરાતમાં નઈ તાલીમની ૫૦૦ જેટલી માધ્યમિક શાળાઓ બુનિયાદી શિક્ષણના ક્ષેત્રમાં કામ કરે છે. ૭૫ જેટલા પ્રાથમિક અધ્યાપન મંદિરો પણ નઈ તાલીમની પ્રજાકીય શિક્ષણ સંસ્થાઓ દ્વારા ચાલે છે.

રાધાકૃષ્ણન્ પંચ પછી ૧૯૫૬માં મુદાલિયર પંચ રચાયું. આ પંચે બહુલક્ષી માધ્યમિક શિક્ષણની ભલામણ કરી તેનો અમલ શરૂ થયો, પણ થોડા જ વખતમાં તે યોજના આટોપી લેવાઈ.

૧૯૬૪માં પ્રાથમિકથી ઉચ્ચશિક્ષણ સુધી તમામ તબક્કે શિક્ષણની વ્યવસ્થાની પુનર્રચના કરવા માટે ડૉ. કોઠારી પંચ રચાયું. તેનો દળદાર અહેવાલ ભારતીય શિક્ષણ વ્યવસ્થાની સમસ્યાઓ વિશે એક જ્ઞાનકોશ જેવો છે. આ પંચે નઈ તાલીમના નીચેના ત્રણ સિદ્ધાંતો સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં સાર્વત્રિક કરવાની ભલામણ કરી.

૧. શિક્ષણના તમામ તબક્કે કોઈક ઉત્પાદન પ્રવૃત્તિને જ્ઞાનપ્રાપ્તિનું સાધન રાખવું. આ કાર્યક્રમને પછી ૧૯૭૮માં 'સમાજોપયોગી ઉત્પાદન કાર્ય' એવું નામ આપવામાં આવ્યું.

૨. શિક્ષણના તમામ તબક્કે 'સમાજસેવા'ને શિક્ષણનું અનિવાર્ય અંગ બનાવવું. આ વિચાર પછીથી મુખ્યત્વે ઉચ્ચ શિક્ષણમાં રાષ્ટ્રીયસેવા યોજનાના નામે વિકસ્યો.

૩. શિક્ષણના દરેક તબક્કે 'સમૂહજીવન'ની તાલીમ અનિવાર્ય કરવી. વિદ્યાર્થીઓના જીવનમાં વૈયક્તિકતાને બદલે સામુદાયિકતા અથવા સામાજિકતાના સંસ્કારો આ કાર્ય દ્વારા કેળવવા.

ડૉ. કોઠારીપંચની આ ભલામણોની સૈદ્ધાંતિક સ્વીકાર થયો. જો તેનો અસરકારક અમલ થયો હોત, તો સ્વરાજની અર્ધી સદીમાં ભારતીય શિક્ષણવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શક્યું હોત.

ડૉ. કોઠારીપંચ પછી સ્વ. વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ નવી શિક્ષણનીતિ ઘડવાનો પ્રયાસ કર્યો, પણ તેમાં તે કંઈક કરી શકે તે પહેલાં તેમની સરકાર બદલાઈ ગઈ.

સ્વ. રાજીવ ગાંધીએ શિક્ષણનીતિમાં નવાં પરિવર્તનો લાવવા મહત્ત્વપૂર્ણ પ્રયાસ કર્યો. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંગે દેશવ્યાપી ચર્ચાઓ યોજાઈ. નવી શિક્ષણનીતિમાં ગાંધીજીના ક્રાંતિકારક શૈક્ષણિક વિચારોને ભારતીય શિક્ષણવ્યવસ્થામાં અંતર્ગત કરવા માટેની ભલામણ કરી. આ ભલામણ પરથી ગ્રામવિદ્યાપીઠોની રાષ્ટ્રીય પરિષદની પુનઃસ્થાપના કરવામાં આવી. નઈ તાલીમ એટલે કે બુનિયાદી શિક્ષણના વિકાસની જવાબદારી આ પરિષદને સોંપવામાં આવી છે. કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના આધિપત્ય હેઠળ



આ પરિષદે તેનું કામ તાજેતરમાં જ શરૂ કર્યું છે.

નવી શિક્ષણનીતિ પછી સમીક્ષા માટે શ્રી વી.પી. સિંહની સરકારે આચાર્યકુળના પ્રમુખ આચાર્ય રામમૂર્તિના અધ્યક્ષપદે પંચ નીમ્યું. આ પંચે "નવપ્રકાશિત સમાજ તરફ પ્રયાણ" નામે એક ચિંતનસભર હેવાલ આપ્યો. આ પંચની ભલામણોનો વિચાર થાય તે પહેલા સરકાર બદલાઈ ગઈ.

શિક્ષણનો સંખ્યાત્મક વિકાસ સતત ચાલ્યા કરે છે. સંખ્યાત્મક વિકાસે સ્વયંભૂ ગતિ પકડી છે, હવે રોકી શકાય એમ નથી. દેખીતી રીતે સંખ્યામાં વિરાટ દેખાતા શૈક્ષણિક વિકાસ પછી પણ આજે માધ્યમિક શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણના માંડ ૨૦ ટકા બાળકો જઈ શકે છે. ઉચ્ચ શિક્ષણમાં ૪% જેટલી સંખ્યા હજી મહાવિદ્યાલયમાં પ્રવેશે છે. વિકસિત દેશોમાં વયજૂથના ૨૦ થી ૨૫ ટકા યુવાનો ભણતા હોય છે તેથી નિકટ પહોંચવા માટે શિક્ષણની સંખ્યાત્મક સવલતો અને ગુણવત્તાનું ઊર્ધ્વીકરણ બંને એક સાથે વિકસાવવા પડશે.

સમાજના છેલ્લા માનવીને રાષ્ટ્રીય વિકાસનો ભાગીદાર કરવો હોય તો નિરક્ષરતા નાબૂદી અને પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણોને સહુથી વધુ અગ્રતા આપવી જોઈએ.

## ૨.૨ રાષ્ટ્રભાષા હિન્દીનું વધતું જતું મહત્ત્વ

રાષ્ટ્રભાષા અને ક્ષેત્રિય ભાષાઓ વચ્ચેનો અન્યોન્ય સંબંધ મુખ્ય નદી, એની શાખાઓ-પ્રશાખાઓ, ઉપનદી વચ્ચેનો સંબંધ છે. જ્યાં સુધી આ ઉપનદીઓમાં પૂરતું પાણી ન આવે ત્યાં સુધી મોટી નદી પણ પાણીમાં સમૃદ્ધ થઈ શકતી નથી એવી જ રીતે જ્યાં સુધી આપણી સ્થાનિક ભાષા સક્ષમ અને સશક્ત ન થાય, ત્યાં સુધી હિન્દી પણ શક્તિશાળી ભાષા નહિ બની શકે. કેમ કે સ્થાનિક ભાષાનો શબ્દ ભંડાર, એના મુદ્દાઓ, કહેવતો, એના સાહિત્યની સમૂહ જ દેશની રાષ્ટ્રભાષાને સશક્ત અને ગૌરવશાળી બનાવી શકે.

સ્થાનિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા વચ્ચેના પરસ્પરના સંબંધને ધ્યાનમાં રાખીને ભારતના બંધારણમાં ૩૫૧ અનુચ્છેદમાં આ વાત કહી છે કે આપણે રાષ્ટ્રભાષા હિંદીને એવી બનાવવી છે કે જે ભારત દેશની સામાજિક સંસ્કૃતિને અભિવ્યક્ત કરી શકે. કોઈપણ ભાષા આખા રાષ્ટ્રની ચેતનાને ત્યારે જ અભિવ્યક્ત કરી શકે, જ્યારે રાષ્ટ્રની તમામ ભાષાઓના અને સંસ્કૃતિથી છવાયેલી હોય. આ વાતને ધ્યાનમાં રાખીને સંવિધાનની આઠમી સૂચિમાં

જણાવેલ ૧૫ ભાષાઓના શબ્દો-કહેવતોને એકબીજાની ભાષાઓમાં સમાવવાની વાત ચાલે છે. એમાં હવે બીજી ત્રણ ભાષાઓ પણ ઉમેરવામાં આવી છે.

જો આપણે સંવિધાનની આ પરિકલ્પનાને સાકાર કરવી હોય, તો આપણે તે માટે પ્રયત્ન કરવો જરૂરી છે. આપણે એવી અપેક્ષા રાખીએ કે સ્થાનિક ભાષાઓને સરકાર સશક્ત કરી આપશે અને એ રીતે રાષ્ટ્રભાષા પણ સક્ષમ બનશે આ આપણી ભૂલ છે. આ કાર્ય કવિઓ, લેખકો અને રાષ્ટ્રભાષાનો પ્રચાર કરનારાઓ જ કરી શકશે. ખાસ કરીને જ્યાં હિન્દી સ્થાનિક ભાષા તરીકે નથી તે લેખકો જો હિન્દી ભાષામાં લખવાનું શરૂ કરે તો સ્થાનિક ભાષાઓની સાથે સાથે હિન્દી પણ આગળ આવતી જશે અને આ રીતે ભારતની સામાજિક સાંસ્કૃતિક એકતા/સંવાદિતા આપમેળે આગળ આવશે.

જુદાં જુદાં રાજ્યોની ભાષા અને હિન્દી ભાષા વચ્ચે સૌજન્ય, સદ્‌ભાવ વધારવા માટે આવશ્યક છે. દરેક રાજ્યમાં આજુબાજુના પ્રદેશોની ભાષાનું વાચન, અભ્યાસ વગેરેની વ્યવસ્થાના અભાવે ઇચ્છા હોવા છતાં લોકો બીજી ભાષાઓ શીખી શકે નહીં.

અમે પણ ગૂજરાત વિદ્યાપીઠમાં આ પ્રયોગ કર્યો છે. હિન્દી ભવનમાં ભારતીય ભાષા સંસ્કૃતિ કેન્દ્ર ખોલવામાં આવેલ છે, જેમાં હિન્દીના માધ્યમથી કોઈપણ વ્યક્તિ તામિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ, મરાઠી, ઉર્દૂ વગેરે ભાષાઓ શીખી શકે છે. આ પ્રયોગથી ભાષા અને સાહિત્યની સાથે સાથે જે તે પ્રદેશની સંસ્કૃતિ અને તેની વૈવિધ્યતાની માહિતી પણ મળે છે અને દેશની ભાવાત્મક એકતા વધારે સુદઢ થાય છે.

મહાત્મા ગાંધીની પ્રેરણા અને પ્રયત્નોને કારણે હિન્દી ભાષાને રાજભાષા અને રાષ્ટ્રભાષા તરીકેની ઔપચારિક માન્યતા તો મળી ગઈ પણ સ્વરાજ મળ્યાને ૪૫ વર્ષ જેવો સમય થઈ ગયો છે. છતાં હિન્દીને માન સન્માન મળવું જોઈએ તે મળ્યું નથી. છેલ્લા પાંચ દશકામાં દેશની ૨૦ સ્વૈચ્છિક સંસ્થઆઓના પ્રયત્નોથી પાંચ કરોડ બિનહિન્દી ભાષીઓએ હિન્દી શીખી લીધી છે. આજે દેશમાં ૯૦ કરોડથી પણ વધુ લોકો હિન્દી સમજે છે. આપણે હિન્દીને ભારતની રાષ્ટ્રભાષા સમજી એને યોગ્ય માન સન્માન આપવું જોઈએ. પ્રજાને અનુકૂળ પડે તે રીતે લોક ભોગ્ય હિન્દીનો સાર્વત્રિક ઉપયોગ થશે તો જ ભારત રાષ્ટ્ર શુદ્ધ બનશે.



હિન્દી અને સ્થાનિક ભાષાઓનો સંબંધ અન્યોન્ય છે. આ બંને વિરોધી ભાષાઓ નહિ, પણ એકબીજાની પૂરક છે. એટલે સ્થાનિક ભાષાને પણ આપણે સમૃદ્ધ બનાવવી જરૂરી છે. હમણાં જ ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા હિન્દી માટે આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવાનો નિર્ણય લઈ દૂરંદેશીનો પરિચય કરાવ્યો છે. આ ફક્ત ભારત જ નહિ પણ મોરેશ્યસ અને ફિજી જેવા દેશો પણ હિન્દી ભાષાને યુ.એન.ઓ. ની ભાષા બનાવવા માટે પ્રયત્નશીલ છે. વિશ્વમાં ૫૦ થી પણ વધુ યુનિવર્સિટીઓમાં હિન્દીમાં વાંચવા લખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હમણાં જ હિન્દીનો વ્યાપ વધતો જતો જોઈને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એ ભારતના ૨૦ વિશ્વવિદ્યાલયોમાં હિન્દીનો અનુવાદ અને હિન્દીમાં પત્રકારત્વમાં અનુસ્નાતક માટેના પાઠ્યક્રમોની શરૂઆત કરી છે. આજના સમાચાર માધ્યમો દ્વારા પણ બિનહિન્દીભાષી જ નહિ, પરંતુ ભારતની બહાર પણ હિન્દીનો ફેલાવો થઈ રહ્યો છે. એટલું જ નહીં પણ હિન્દી લોકપ્રિય પણ બની છે. રેડિયો, ટીવી, વિડિયો, સિનેમાઓએ પણ હિન્દીના પ્રચારમાં યોગદાન આપ્યું છે. દક્ષિણ એશિયા તથા પશ્ચિમ એશિયાના તમામ દેશો હિન્દી વિષયો દ્વારા હિન્દીનો પ્રચાર કરી રહ્યા છે. નેપાળની સંસદે પણ હિન્દીભાષાને માન્યતા આપવાનો પ્રસ્તાવ મુકેલ છે.

ભારત સરકારમાં ૫૦ ટકા કામ હિન્દીમાં થઈ રહ્યું છે. સંસદની કાર્યવાહી તથા પત્ર વ્યવહાર અને પ્રકાશન પણ હિન્દીમાં મળી રહે છે. યુ.પી.એસ.સી.ની બધી જ પરીક્ષા સ્થાનિક ભાષા અથવા હિન્દીમાં થઈ રહી છે. આ સંતોષજનક વાત છે. રાજ્યનું કામ સ્થાનિક ભાષામાં અને રાષ્ટ્રનું કામ રાષ્ટ્રભાષામાં જ થવું જોઈએ. આ સ્થિતિને વધુ વાસ્તવિક બનાવવા માટે હું દરેક હિન્દી ભાષી સિવાયના રાજ્યોને અપીલ કરું છું કે રાષ્ટ્ર હિત માટે, રાષ્ટ્રના ગૌરવ માટે, રાષ્ટ્રની એકતા માટે હિન્દીને પોતાના અને સાર્વજનિક જીવનમાં અપનાવશો.

હિન્દી એ એકવીસમી સદીની એક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય ભાષા બનવા જઈ રહી છે, એ વાત હવે સિદ્ધ થઈ ચૂકી છે.

**- સને ૧૯૯૨માં આપેલ વ્યક્તવ્ય**

"The greatest enemy of knowledge is not ignorance, it is the illusion of knowledge.

**-Stephen Hawking**

## ૩. વસ્તીનું માળખું અને અર્થતંત્ર

**- આદમ હેસ (Adam Hayes)**

આર્થિક વિકાસના સ્રોતો વિશેનો ખ્યાલ ખૂબ જ સાદો છે. રાષ્ટ્રીય ઘરેલું ઉત્પાદનમાં વધારાનો દર = વસ્તી વૃદ્ધિનો દર + માથાદીઠ ઘરેલુ ઉત્પાદનમાં થયેલો વધારો (અહીં માથાદીઠ ઘરેલું ઉત્પાદન = રાષ્ટ્રીય ઘરેલુ ઉત્પાદન/ વસ્તી)

કોબ ડગ્લાસના ફ્રેમવર્કમાં આ વાતને જરા જુદી રીતે કહેવામાં આવી છે. આર્થિક ઉત્પાદનમાં થતાં ફેરફારો આંતરિક મૂડીના જથ્થામાં શ્રમના જથ્થામાં અને ટેક્નોલોજીમાં થયેલા ફેરફાર પર આધારિત છે. આ બંને પ્રકારના વિકાસના મોડેલમાં વસ્તી મહત્ત્વનો ભાગ ભજવે છે.

વસ્તીની જે સમસ્યા અત્યારે ડોકાઈ છે તે નિવૃત્ત થયેલા લોકોની વધતી જતી સંખ્યાની છે. તેઓ શ્રમ બજારમાં નથી પણ લાંબા આયુષ્યને લીધે સંખ્યામાં વધતા જાય છે. કમનસીબે એની સરખામણીએ નવાં જન્મેલાં બાળકોની સંખ્યા ઓછી હોય છે અને આથી તે દેશોમાં નિવત્ત લોકોની ખાલી પડેલી જગાને પૂરવા માટે અસક્ષમ નથી અને આથી વિકાસનો દર ઘટે છે.

**વસ્તી, ઉત્પાદકતા અને સમૃદ્ધિ :**

આર્થિક વિકાસ એ કામ કરનારની સંખ્યા અને કામ કરનારની ઉત્પાદકતા પર આધારિત છે. છેલ્લા કેટલાંક દાયકાઓથી અમેરિકન અર્થતંત્ર સેવા ક્ષેત્રથી પ્રભાવિત છે અને વધતી જતી હરીફાઈ અને ટેક્નોલોજીના વિકાસ છતાં સેવાક્ષેત્રમાં ઉત્પાદકતામાં વધારો થવાની ગતિ મંદ થઈ છે. બીજી બાજુ કામ કરનારાઓની સંખ્યામાં નવા ઉમેરાતા લોકો ઘટ્યા છે કારણ ઝડપી વસ્તી વૃદ્ધિના સમયમાં જન્મેલા બધા હવે નિવૃત્તિને આરે છે. વૈશ્વિક સ્તરે કામ કરતાં લોકોની સંખ્યા ઘટવા માંડી છે, ક્યારેક નાટકીય રીતે જેમકે જાપાનમાં બન્યું. અન્યથા ધીમી પણ સ્થિર ગતિએ નિવૃત્ત લોકોને સાચવવાનો ખર્ચ વધતો જશે અને કામ કરનાર વર્ગ પર તથા સામાજિક સુરક્ષા કે આરોગ્ય જેવી સરકારી યોજનાઓ પર એનો બોજો પડશે.

એકબાજુ નિવૃત્ત લોકોની આયુષ્ય મર્યાદા વધતી જાય છે, તો બીજી બાજુ છેક ૧૯૫૦થી આજસુધીમાં જન્મ દર ૫૦% જેટલો ઘટ્યો છે. આર્થિક રીતે વિકસિત દેશોની બીજા યુદ્ધથી ૧૯૦૦ સુધી સમૃદ્ધિમાં જે વધારે થયો છે



તેમાં કામ કરનારની સંખ્યામાં થયેલા વધારાનો નોંધપાત્ર ફાળો છે. છેલ્લા દાયકામાં અમેરિકા અને યુરોપમાં કામ કરી શકે તે ઉંમરના લોકોમાં વધારો થયો છે પણ હવે ઉત્તરોત્તર એમાં ૨૦૪૦ સુધીમાં ઘટાડો શરૂ થશે. વળી ૧૯૭૦થી શ્રમ ભાગીદારીનો ગુણોત્તર એના નિમ્નતમ સ્તરે પહોંચ્યો છે. આ દરમાં આપણે એવા લોકોનો સમાવેશ નથી કરતાં કે જેમની પાસે કામ નથી અને જે કામ શોધતા પણ નથી. આ બધાં પરિબળો ભેગાં થઈને વૈશ્વિક આર્થિક વિકાસ ઘરમાં ઘટાડાની સંભાવના દર્શાવે છે.

કોઈક પૂછી શકે કે ગત વર્ષોમાં જન્મદરમાં ઘટાડો થયો છે અને સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે છતાં આર્થિક વિકાસ તો ચાલુ જ રહ્યો છે તો હવે કેમ ઘટશે ? મારી દૃષ્ટિએ ટેક્નોલોજીના વિકાસના લીધે શ્રમની ઉત્પાદકતામાં ભૂતકાળમાં થયેલા વધારાને લીધે આ શક્ય બન્યું છે. એટલે કે કામ કરનારા ઓછા છે. પણ વ્યક્તિદીઠ ઉત્પાદકતા વધી છે. પણ ૨૦૦૮ની નાણાકીય કટોકટી પછી ઉત્પાદકતા વધવાનો દર ઘટી ગયો છે. અલબત્ત ભૂતકાળમાં ક્યારેય ન હતું એટલું માથાદીઠ ઉત્પાદન આજે છે.

**નવું વિશ્વ :**

આર્થિક વિકાસને ચાલુ રાખવા માટે ક્યાં તો જન્મદરમાં વધારો થાય અથવા તો શ્રમની ઉત્પાદકતામાં વધારો થાય એ જરૂરી છે. ઉત્પાદકતા વધારવા માટે ક્યાં તો કામ કરનાર વ્યક્તિએ વધુ કામ કરવું પડે અથવા તો ટેક્નોલોજીનો ઉપયોગ થવો જોઈએ, જેથી દરેક શ્રમિક એના જીવનની ગુણવત્તા સાચવી ઉત્પાદન વધારી શકે. ભવિષ્યનું અર્થતંત્ર ટેક્નોલોજીનો વિકાસ અને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં રોકાયેલ શ્રમશક્તિ પર આધારિત હશે. અત્યારે પણ ટેક્નોલોજી સાથેનો આપણો interface મહત્ત્વનો છે. પણ ભવિષ્યમાં એ વધારે મહત્ત્વનો બનશે. જે વ્યક્તિએ ઈન્ફર્મેશન ટેક્નોલોજી વિભાગ સાથે નહીં જોડાયેલા હોય તેમનું મહત્ત્વ ઘટતું જશે. આપણે ભૂતકાળમાં, મધ્યમ વર્ગ જે કામો કરતા હતા તેવા જેવા કે બૅંકમાં ટેલરનું કામ, ટ્રાવેલ એજન્સી, સ્ટોકબ્રોકર, ગ્રંથપાલો, અનુવાદકો અને ટૅક્સના એકાઉન્ટન્ટસ વગેરે અર્થતંત્રમાં અપ્રસ્તુત બની જતાં જોયાં છે. આ ક્ષેત્રમાં નોકરીની તકો ફરી ઊભી થવાની શક્યતા નથી.

ઉદાહરણ તરીકે ટર્બો ટેક્સ, ટેક્સના રીટર્ન ભરતી વખતે બધા લોકો એ કે એના જેવી બીજી વેબસાઈટ વાપરે છે અને એ વાપરવા બદલ નાની ફી

પણ આપે છે. આની આર્થિક અસર એ થઈ કે મોટાભાગના લોકો ઓછા ખર્ચે સરળતાથી પોતાનો ટેક્સ ભરી શક્યા પણ આ સેવા આપનાર થોડા જ લોકોના હાથમાં પૈસા આવી ગયા. જેનાથી થોડાં લોકો ખૂબ પૈસાદાર બન્યાં. કરોડપતિઓ પણ. પણ એની સાથેની પૂર્ણ સમયના ટેક્સ એકાઉન્ટટ જે લાખોની સંખ્યામાં હતાં એમની આજીવિકા છિનવાઈ ગઈ.

ઈ-કોમર્સને લીધે ઘણા ધંધાઓ પાયામાંથી બદલાઈ ગયા છે. નવા અર્થતંત્રમાં અને ટેક્નોલોજીના લીધે હોટેલ, સિનેમાગૃહો, ટેક્સીના ચાલકોની જરૂરિયાત ઘટી છે. ભવિષ્યમાં આ જ પ્રવાહ ચાલુ રહેશે એમ લાગે છે. ગુગલ અને વૈશ્વિક સ્તરે યુનિવર્સિટીઓએ ભેગા થઈ ડ્રાઈવર વગરની ગાડી શોધી કાઢી છે. ૩ ડી પ્રિન્ટિંગ અને રોબોરિક્સના વિકાસની સાથે. વસ્તુઓના ઉત્પાદન પદ્ધતિમાં, વેરહાઉસિંગ કે જથ્થાને સાચવવાની જરૂરિયાતમાં મોટો ફેરફાર થશે જેનાથી મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં નોકરીઓ ઘટશે. ઘણા લોકો પોતાની આજીવિકા ગુમાવશે. માત્ર થોડાક લોકો નવું કૌશલ્ય પ્રાપ્ત કરી આમાંથી ફાયદો લેશે. આ એવા લોકો હશે જે સરળતાથી આ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હશે અને આ ટેક્નોલોજી કઈ રીતે કામ કરે છે તે સમજતાં પણ હશે.

**ઉપસંહાર :** આર્થિક વિકાસનું ભાવિ કદાચ એકલા વસ્તી પર આધારિત નથી, પણ વસ્તી એ કોઈપણ દેશના વિકાસને અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. નિવૃત્ત લોકોની વધતી વસ્તી અને ઘટતો જન્મદર. ભવિષ્યમાં આર્થિક વિકાસમાં ઘટાડો થવાની ચેતવણી આપે છે. ઉત્પાદકતામાં વૃદ્ધિ આની અસર ઘટાડી શકે પણ આ બેધારી તલવાર છે એક બાજુ ટેક્નોલોજીના વિકાસથી શ્રમની ઉત્પાદકતા વધે છે. પણ સાથે સાથે એ કામ કરવાની તકોને ઘટાડી બેરોજગારી વધારે છે. ભવિષ્યમાં જેમની પાસે કમ્પ્યૂટર અને એના કૌશલ્ય છે તે જીતશે. ઉંમર પ્રમાણે વસ્તીનું માળખું જેમ બદલાશે તેમ અર્થતંત્ર કેવા પ્રકારની રોજગારી ઊભી કરે છે તે પણ બદલાશે.

**મૂળ અંગ્રેજી પરથી ભાષાંતરિત**

'મારું ધ્યેય સાદું છે. મારે બ્રહ્માંડને પૂરેપૂરું સમજવું છે, એ કયા સ્વરૂપે છે, શા માટે છે અને એના અસ્તિત્વનું કારણ શું છે ?'

**- સ્ટીફન હોકિંગ**



## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ ૧૩મી વાચન શિબિર અહેવાલ

સંસ્થા દ્વારા દર વર્ષે તેના કેમ્પસમાં વાચન શિબિરનું આયોજન છેલ્લાં ૧૩ વર્ષથી કરવામાં આવે છે. આ વર્ષે આ શિબિરમાં જુદી જુદી ૧૨ શાળાઓના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આમાં અમદાવાદની ૫ શાળાઓ અને ગ્રામીણ વિસ્તારની ૭ શાળાઓનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓનો વાચનમાં રસ વધે, ભાષાપ્રેમ વધે અને એમની સંવેદનાઓને યોગ્ય દિશા મળે એ માટેની એક તક આપવાનો આ શિબિરનો હેતુ છે. શિબિર દરમ્યાન ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપો અને ઉત્તમ સાહિત્ય વિશે સમજ આપવા નવલકથા, ટૂંકી વાર્તા, કાવ્યનો રસાસ્વાદ, કાવ્યગાન, પત્રલેખન, નિબંધો, આત્મકથા, ગુજરાતી હાસ્ય સાહિત્ય, બંગાળી અને પંજાબી સાહિત્ય વગેરે વિશે જુદા જુદા તજજ્ઞો આવી સમજ આપી હતી.

પ્રથમ દિવસે સાંજના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સંસ્થાના અધ્યક્ષ શ્રી પી. જે. દિવેટીઆ, ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ અને સેક્રેટરી શ્રી મયંકભાઈ ઉપાધ્યાય હાજર રહ્યાં હતાં. આ સમારંભના અતિથિ તરીકે શ્રી રમેશભાઈ તન્ના આમ તો પત્રકાર, પણ વાચક તરીકે નામના ધરાવે છે.

ઉદ્‌ઘાટન પછી તમામ વિદ્યાર્થીઓને આખી શિબિરનો કાર્યક્રમ સમજાવવામાં આવ્યો અને એમની પાસે શું અપેક્ષિત છે તે પણ કહેવામાં આવ્યું. શિબિરમાં કામ કરવાનું ફાવે અને સમૂહજીવનથી થોડી તાલીમ મળે એ ઉદ્દેશ્યથી બધા વિદ્યાર્થીઓને ચાર જૂથમાં વહેંચ્યા હતાં અને એમને નામ આપ્યા હતાં. સુંદરમ્, નર્મદ, મેઘાણી અને પન્નાલાલ. દરેક જૂથની સાથે સંસ્થાના એક એક કાર્યકરને જોડવામાં આવ્યા હતાં.

બીજા દિવસની શરૂઆત સવારે ૬.૩૦ વાગે પ્રાર્થના અને શિષ્ટ વાચનથી થઈ. સવારે પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓના વાચન કૌશલ્ય અને અભિરુચિનો ખ્યાલ આવે તે દૃષ્ટિથી ડૉ. ભાર્ગવીબહેને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો અને વાચન કસોટી આપી. મોટા ભાગના વિદ્યાર્થીઓ ઝડપથી વાચનને સારું વાચન છે. તેવું માનતા. પછીથી તેમને વિરામ ચિહ્નો સાથે અર્થસભર વાચન કેવી રીતે કરવું તે સમજાવવામાં આવ્યું. અંતે શિબિરાર્થીઓને પોતાની ક્ષમતાનો ખ્યાલ આવ્યો.

પહેલું સત્ર શ્રી રાજેન્દ્રભાઈ પટેલનું હતું. તેમણે પુસ્તકોના વિશાળ વિશ્વમાંથી કેટલાંક ચુનંદા પુસ્તકોની વાત કરી અને વાંચવાથી માણસ કેવી

રીતે બદલાય છે તે સમજાવ્યું. એમણે ઘરમાં ૭-૮ પુસ્તકો રાખવાનો દરેકને અનુરોધ કર્યો. ત્યારબાદ કાવ્યને લઈને આવ્યા કવિ શ્રી દલપતભાઈ પઢિયાર. એમણે કેટલાંક કાવ્યો ગવડાવ્યાં અને એની સુંદરતાનો અનુભવ કરાવ્યો. બપોરે ગૂજરાત વિદ્યાપીઠના વિશાળ ગ્રંથાલયની મુલાકાત કરાવી. આટલું મોટું ગ્રંથાલય, શિબિરાર્થીઓ માટે તો કલ્પનાતીત હતું.

જમ્યા પછીનું ત્રીજું સત્ર પત્રલેખનનું હતું. ગાંધીજીના પત્રોની સરળતા અને અબ્રાહમ લિંકનનો એના બાળકના શિક્ષકને લખેલો જગવિખ્યાત પત્ર તથા અનેક પ્રતિષ્ઠિત પત્રોનું વાચન થયું. છોકરાંઓ તો પત્રને માધ્યમ તરીકે તો ભૂલી જ ગયા હતા, સિવાય કે અભ્યાસક્રમ માટે લખેલ પત્રો. ચોથા સત્રમાં ટૂંકી વાર્તાઓનો ખજાનો ખોલવા શ્રી બિપીનભાઈ પટેલ આવ્યા હતાં. એમણે મુકુંદરાય અને લાડુના જમણનો રસાસ્વાદ કરાવ્યો અને વાંચવાલાયક વાર્તાઓનો યાદી પણ આપી. દિવસના અંતે અનિલભાઈ ચાવડાએ કાવ્યનાં વિવિધ સ્વરૂપો અને કાવ્યની અસરકારકતા સમજાવી અને રમેશ પારેખના તથા પોતાના કેટલાંક કાવ્ય રચનાનું પઠન કર્યું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ થયો જેમાં વિદ્યાર્થીઓએ નાટક રજૂ કર્યાં.

ત્રીજા દિવસે સવારે શિષ્ટ વાચન અને પ્રાર્થના પછી વિદ્યાર્થીઓને એમના લખેલાં પત્રો રજૂ કરવાનું કહ્યું. લગભગ ૧૦ થી ૧૫ જેટલા પત્રો રજૂ થયા અને એના પર ચર્ચા થઈ. પત્ર માત્ર માહિતી માટે નથી પણ મનની અભિવ્યક્તિ છે એ ફરીથી સમજાવ્યું. રોબિન ક્રૂઝો જેના વિષે એક પણ વિદ્યાર્થીને ખબર ન હતી તેની વાત કરવામાં આવી. નિસર્ગભાઈ આહિરે પ્રથમ સત્રમાં નિબંધના વિવિધ સ્વરૂપોનો ખ્યાલ આપ્યો. શાળા અને પરીક્ષામાં નિબંધ લખવાનો ફરજિયાત હોઈ વિદ્યાર્થીઓએ અનેક સવાલો પૂછ્યા. જ્યોતીન્દ્ર દવેના નિબંધોનું વાચન થયું ત્યારબદ શ્રીમતી અનિતાબહેન તન્નાએ ગાંધીજીની આત્મકથાને કેન્દ્રમાં રાખી આત્મકથા વિશે સમજાવ્યું અને વિશ્વની અન્ય કેટલીક આત્મકથાઓની પણ વાત કરી. સ્વાતિબહેન મ્હેરે હાસ્ય સાહિત્યનો પરિચય કરાવ્યો એમણે રમણભાઈ નીલકંઠની ભદ્રંભદ્રની વાત કરી, જેમાં વિદ્યાર્થીઓને ખૂબ રસ પડ્યો અને ત્રીજા દિવસના છેલ્લાં સત્રમાં શ્રી મયંકભાઈ ઉપાધ્યાયે શ્રી દર્શક લિખિત દીપનિર્વાણની વાર્તાનો એક ભાગ બધાને કહ્યો જે વિદ્યાર્થીઓએ ખૂબ રસથી સાંભળ્યો.

ચોથો દિવસ સ્પર્ધાઓનો હોય છે, જેમાં સવારથી છોકરાઓ એની તૈયારીઓમાં વ્યસ્ત હોય છે. સ્પર્ધાઓમાં ભાગ લેવાનું મરજિયાત હોય છે.



પણ દરેક વિદ્યાર્થી કોઈને કોઈ સ્પર્ધામાં ભાગ લે છે. આ ઉપરાંત સામૂહિક રમતો પણ હોય છે. જેમાં જુદાં જુદાં જૂથો વચ્ચે શબ્દભંડોળ અને સાહિત્ય વિશેની પ્રશ્નોત્તરી થાય છે. વ્યક્તિગત સ્પર્ધામાં નિબંધ સ્પર્ધા, વાચન સ્પર્ધા, કાવ્ય પઠન, વાર્તાસાર, પુસ્તક અવલોકનનો સમાવેશ થાય છે. દરેક વિજેતા વિદ્યાર્થીને પુસ્તકો ભેટ મળે છે.

પૂર્ણાહુતિ કાર્યક્રમમાં રાઘવજી માધડે પોતાના જીવન સંદર્ભે ફરી એકવાર વાચનની મહત્તા સમજાવી. વિદ્યાર્થીઓએ પોતાને પ્રતિભાવો આપ્યા અને શિબિર એમના માટે નાવીન્યપૂર્ણ રહી. બધા વિદ્યાર્થીઓની વાચન માટે ઉત્સુકતા જોવા મળી.

આ આખી શિબિરનું સંચાલન ડૉ. ભાર્ગવીબહેન પંડ્યાએ કર્યું હતું.

### ૪.૨ પ્રા. રામલાલભાઈ પરીખ જન્મજયંતી વ્યાખ્યાન-૨૦૧૯

ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ, શાંતિ સંશોધન કેન્દ્રના સ્થાપક નિયામક, ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને ભારતીય વસ્તી શિક્ષણ સંઘના સ્થાપક સ્વ. પ્રા. રામલાલભાઈ પરીખના ૯૩માં જન્મદિવસ (૧૮-૪-૧૯૨૭) નિમિત્તે જાણીતા વૈજ્ઞાનિક અને ચારુસેટ યુનિવર્સિટીના પ્રો વોસ્ટ (વાઈસ-ચાન્સેલર) ડૉ. પંકજભાઈ જોષીના વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું. વ્યાખ્યાનનો વિષય હતો : 'ગાંધીજી અને વિજ્ઞાન.' કાર્યક્રમની શરૂઆત ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ કરી. તેમણે ડૉ. પંકજભાઈ જોષીનો પરિચય આપ્યો અને સ્વ. પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ ભારતીય સમુદાય શિક્ષણ સંઘના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. તેમણે ૨૦૦૦ થી સ્વ. પ્રા. રામલાલભાઈ પરીખના જન્મદિનના ઉપલક્ષ્યમાં જે જાહેર વ્યાખ્યાનો થયાં તેનો ખ્યાલ આપ્યો. પ્રા. ડી.એન.પાઠક અને પ્રૉ. સાધનાબહેન વોરાને યાદ કર્યા. આ બંને મહાનુભાવોની વિદાય પછી પ્રૉ. પુષ્પાબહેન મોતીયાની અને પ્રો. પ્રેમાનંદ મિશ્રાએ આ કામને ઉપાડી લીધું છે. એમણે શાંતિ સંશોધન કેન્દ્રના મૂળમાં તો અહિંસક સમાજ રચના માટેના વિજ્ઞાનને વિકસાવવાનો વિચાર હતો એ વાત તાજી કરી.

ડૉ. પંકજભાઈએ 'ગાંધીજી અને વિજ્ઞાન' એ વિષય પર સુંદર રજૂઆત કરી હતી. એમણે કહ્યું તે સમયનું આપણા દેશનું વિજ્ઞાન જગત ગાંધીજીને સ્વીકારતું ન હતું. એમને ગાંધીજી અવૈજ્ઞાનિક લાગ્યા હતા. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો અસ્વીકાર કરનારા લાગ્યા હતા. આઝાદી પછી વિજ્ઞાનનીતિના

ઘડતરમાં પણ ગાંધીજીનું નામ ભાગ્યે જ જોવા મળે છે. બધા માને છે કે એ ધર્મના માણસ છે અને એટલે એ વિજ્ઞાનમાં અપ્રસ્તુત છે. હકીકતમાં ગાંધીજીમાં માનતા લોકોએ પણ એમના વિજ્ઞાન સાથેના સંબંધોની વાત ખૂબ ઓછી કરી છે. પણ ખરેખર ગાંધીજી વિજ્ઞાન-ટેક્નોલોજીના વિરોધી ન હતા. એમણે સીવવાના સંચાને સ્વીકાર્યો હતો. એટલું જ નહિ પણ એને આશીર્વાદરૂપ પણ ગણ્યો હતો. વિજ્ઞાન આમ તો સત્યની શોધ જ છે અને ગાંધીનું જીવન એ સત્યની શોધ જ હતું. એમના તમામ વિચારોમાં વૈજ્ઞાનિકતા છવાયેલી હતી. ગાંધીજીને ભૂમિતિ જાણવામાં ખૂબ રસ હતો. નવું જાણવાની ઉત્કંઠા હતી. જગદીશચંદ્ર બોઝ, સી.વી.રામન અને પ્રફુલચંદ્ર રોય એમના સંપર્કમાં હતાં, એટલું જ નહિ પણ ખાદી બૉર્ડના સભ્યો પણ હતા. એવી જ રીતે ગાંધીજી બ્રહ્માંડ અને પૃથ્વીના સંબંધને સમજતા હતા. એની નશ્વરતાને પણ સમજતા હતા. ગાંધીજીની ઘણી આધ્યાત્મિક વાતો, એનાં ઉદાહરણો વિજ્ઞાન પર, સત્ય પર આધારિત હતા. માનવ અને બ્રહ્માંડ એકબીજા સાથે જોડાયેલા છે, એ એમણે અનેક રીતે પ્રતિપાદિત કર્યું છે. માઈક્રો સ્કોપમાં જોતાં ફોટા ગાંધીજીની વિજ્ઞાન વિશેની ઉત્સુકતાને અભિવ્યક્ત કરે છે. અંતતઃ ગાંધી એ વિજ્ઞાનના માણસ છે. એનું દર્શન અને એની કાર્યપદ્ધતિ બંને વિજ્ઞાનને સાનુરૂપ છે. પ્રા. પંકજભાઈ જોષીએ ગાંધી વિજ્ઞાનથી છેટા છે એ વાતને ખોટી સાબિત કરી વિજ્ઞાન જગતમાં ગાંધીજીને પ્રસ્થાપિત કરવા પર ભાર મૂક્યો.

પ્રમુખપદેથી ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિકભાઈએ કહ્યું કે પ્રા. પંકજભાઈએ ગાંધીજીની આપણને કોસમોસ સુધીની સફળ કરાવી એ માટે એમનો ખૂબ ખૂબ આભાર. પ્રા. પંકજભાઈનો આજનો આ કાર્યક્રમ એવા સમયને ત્રિભેટે છે કે જ્યારે દેશ ગાંધી ૧૫૦ અને વિદ્યાપીઠ એના ૧૦૦ વર્ષ ઊજવી રહ્યા છે અને સમગ્ર વિશ્વ એકવાર 'બેક ટુ ગાંધી' જઈ રહ્યું છે ત્યારે પ્રા. પંકજભાઈએ આપણને વિજ્ઞાનને ગાંધીજી સાથે જોડવા ફરી પ્રેરિત કર્યા છે. અંતમાં શાંતિ સંશોધન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠના વડા પ્રેમાનંદ મિશ્રાએ સહુનો આભાર માન્યો.

> બધી બહેનોને પોતાનું રક્ષણ કરવાનો અધિકાર મળે અને પુરુષોને એમની આ મધ્યયુગીય જવાબદારીમાંથી મુક્તિ મળે એ અમારી માંગ છે.
>
> **- હેલન કેલર**



# ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

## ૫.૧ બા-બાપુનાં ૧૫૦ વર્ષ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય પરિસંવાદ

આંતરરાષ્ટ્રીય મહિલા શાંતિ અને સ્વતંત્રતા સંસ્થાન (Women's International League For Peace and Freedom) ના ભારતીય સંગઠન અને ગૂજરાત વિદ્યાપીઠના શાંતિ સંશોધન કેન્દ્ર અને જીવનપર્યંત શિક્ષણ વિભાગોના સંયુક્ત ઉપક્રમે બા-બાપુનાં ૧૫૦ વર્ષ નિમિત્તે તા. ૨૯-૩૦ માર્ચ, ૨૦૧૯ના રોજ Revisiting Gandhi : Women's Perspective ગૂજરાત વિદ્યાપીઠમાં બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત, બિહાર, પંજાબ, દિલ્હી અને નાગપુર વગેરેથી ૧૩૨ બહેનો ભાગ લેવા આવ્યાં હતાં. ભારતીય સમુદાય શિક્ષણ સંઘે પણ આમાં સક્રિય ભાગીદારી કરી હતી.

આ પરિસંવાદના ઉદ્‌ઘાટન સત્રમાં અતિથિ વિશેષ તરીકે પધારેલ બિહાર વિદ્યાપીઠ, પટનાના અધ્યક્ષ શ્રી વિજય પ્રકાશે જણાવ્યું હતું કે ગાંધીજીએ બિહારના ચંપારણમાં અબળાને સબળા બનાવવાનું સ્વપ્ન જોયું હતું. ત્યાંથી જ તેમણે સ્ત્રી જાગૃતિની શરૂઆત કરી હતી. આજે વધતા જતા ટેક્નોલોજીના વ્યાપને કારણે પરિવાર જીવનના સામે ખતરો ઊભો થયો છે જેને બચાવવાની જરૂર છે. ભાવનગર યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલનાયક ડૉ. વિદ્યુત જોશીએ જણાવ્યું હતું કે સાચી જાણકારીના અભાવે ગાંધીજી વિશે ગેરસમજો વધી રહી છે, જેને દૂર કરવા માટે યોગ્ય સંશોધનની જરૂર છે. ગાંધીજી પ્રત્યેક પ્રકારના ભેદભાવના વિરોધી હતા. સ્ત્રીઓને આર્થિક રૂપે પગભર બનાવવા માટે તેમણે ચરખા ઉપર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં વિલ્ફ ભારતના અધ્યક્ષ ડૉ. મંદાબહેન પરીખે વિલ્ફનો પરિચય આપ્યો અને જણાવ્યું હતું કે વિશ્વ શાંતિ માટે મહિલાઓની દરેક મહત્ત્વના નિર્ણયમાં ભાગીદારી જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ ગૂજરાત વિદ્યાપીઠનો પરિચય આપ્યો અને સહુને આવકારતા એમણે કહ્યું કે ગાંધીજીના સિદ્ધાંતોને ગૂજરાત વિદ્યાપીઠના સામુદાયિક જીવનમાં ઉતારવાનો ઘનિષ્ઠ પ્રયાસ અહીં કરવામાં આવી રહ્યો છે. મહિલાઓ અને શાંતિ સ્વતંત્રતા પર કામ કરતી વિલ્ફસંસ્થા અમારા વિચારોને પુષ્ટ કરે છે.

આ બે દિવસ દરમ્યાન શ્રી અમીબહેન યાજ્ઞિકે સ્ત્રીઓની સુરક્ષા અને કાયદા વિશે ડૉ. મેહરુન્નિસાબહેન દેસાઈએ સ્ત્રીઓ દ્વારા શાંતિ વિશે, ડૉ. હરિ દેસાઈએ બા-બાપુનાં ૧૫૦ વર્ષ નિમિત્તે સ્ત્રીઓ સાથે કરેલ કાર્ય વિશે, પ્રા. હિમાંશુ બોરાઈએ ગાંધીજીના સ્ત્રીસશક્તીકરણના વિચારો વિશે શ્રી નિરંજના કલાર્થીએ બા-બાપુનાં ૧૫૦ વર્ષ પૂરાં થયાં તે વિશે ડૉ. મંજુ અગ્રવાલે સ્ત્રીઓ અને સ્વાસ્થ્ય વિશે ડૉ. સુષ્મા પનકુલેએ સ્ત્રીઓ અને શાંતિ વિશે અને શ્રી રમેશભાઈ તન્નાએ સ્ત્રીઓના જીવન અને હકારાત્મકતા વિશે ચર્ચા કરી.

પરિસંવાદના બીજા દિવસે સમાપન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે જાણીતા સમાજશાસ્ત્રી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ કુલપતિ હેમાશ્રીબહેન રાવે કહ્યું કે સૌથી પહેલા ગાંધીજીએ સ્ત્રીઓની શક્તિઓને પારખી અને તેમને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સાંકળી હતી. તેમણે મહિલાઓનો વિચાર કામ કરતી મહિલા, ગૃહિણી, ગરીબ, તવંગર, વિધવા એમ અલગ અલગ રીતે કર્યો હતો.

વિશેષ અતિથિના રૂપમાં ઉપસ્થિત રહેલા પટના (બિહાર)થી પધારેલ શ્રી રવિ ભૂષણ રોય જે ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીને ચંપારણ લઈ ગયા હતા તે રાજકુમાર શુક્લાના તેઓ દોહિત્ર છે. અધ્યક્ષીય ઉદ્બોધન કરતા ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો. અનામિકભાઈ શાહે જણાવ્યું કે ગાંધીના પુનરાવલોકનની ચર્ચાના સ્પંદન લઈને હવે આપ સહુ પોતપોતાના કાર્યક્ષેત્રમાં જશો. જ્યાં સ્ત્રીઓના હક માટે સંઘર્ષ કરવો જરૂરી બને ત્યારે તે સંઘર્ષ શાંતિ અને અહિંસાથી કરશો એવી અપેક્ષા છે.

બે દિવસના આ પરિસંવાદમાં કુલ ચાર સામાન્ય સત્રો અને ૬ સમાંતર પેપર પ્રસ્તુતીકરણના ૬ સમાંતર સત્રો આયોજિત કરાયા હતા. સમગ્ર પરિસંવાદમાં ૩૨ તજ્જ્ઞોનાં વ્યાખ્યાનો તથા ૯૦થી વધારે શોધપત્રોનું વાચન થયું હતું.

**૫.૨ વેલ બિલ્ટ સાઈકલ : સમુદાય વિકાસનો અનેરો કાર્યક્રમ**

દુનિયાભરમાં સામુદાયિક વિકાસના ઘણા પ્રયત્નો થાય છે, જેમાંથી અમેરિકામાં એક રસપ્રદ પ્રયોગ થયો જેની ખૂબ ટૂંકી નોંધ અહીં આપી છે.

આ અમેરિકા જેવા સમૃદ્ધ દેશના ટેમ્પા શહેરમાં રહેતા જ્હોન ડેન્ગલરની આ વાત છે. ટેમ્પાનું હવામાન ગરમ હોઈ લોસ એન્જલસ પછી સૌથી વધારે ઘર વિહોણા લોકોની વસ્તી અહીં છે.



જ્હોન ડેન્ગલર આવતાં જતાં હંમેશાં ઘરવિહોણા લોકોને ફૂટપાથ પર પડી રહેલા જોતાં. એમનો સમાજ પૈસા વગરના લોકોનું કોઈ મૂલ્ય આંકતો નથી. એટલે એ તરફ કોઈની નજર ન હતી. આ લોકો પાસે ન તો રોજગારી, ન આવક, ન સાધન. ડેન્ગલર આવા લોકોને કોઈ કામ આપવા ઈચ્છતા હતા. પણ વાહન ન હોવાથી દૂર સુધી કામ કરવા જવાનું શક્ય ન હતું અને નજીકમાં કોઈ કામ હતું નહીં. એવામાં એમની નજર હજારોની સંખ્યામાં કાઢી નાખેલી (વપરાશમાં નહી લેવાતી) સાઈકલો પર પડી અને પછી તો વધારે નજર કરતાં શાળાઓની નજીક, પોલીસ સ્થાનકોમાં, ઘરોમાં આવી સાઈકલો દેખાઈ. ડેન્ગલને રસ્તો મળી ગયો. એણે 'વેલ બિલ્ટ સાઈકલ' નામની સંસ્થા ઊભી કરી અને ફૂટપાથ પર જીવન ગુજારી રહેલા ઘરવિહોણા લોકોને જૂની સાઈકલમાંથી ઓછા ખર્ચે નવી સાઈકલ બનાવવાનું શીખવવા માંડ્યું. એમના દ્વારા તૈયાર થયેલી સાઈકલ એમને પોતાના ઉપયોગ માટે કે વેચાણ માટે ડેન્ગલરે આપવા માંડી. આમ ઘરવિહોણા, કામવિહોણા આ લોકોને કામ મળ્યું. તેઓ સાઈકલ તૈયાર કરી ઓછા ભાવે વેચવા માંડ્યા. એણે ગરીબ અને ધનિક વચ્ચે એક સંબંધ ઊભો કર્યો આ સંબંધને દ્વિપક્ષી હોઈ સ્વસ્થ સંબંધ ઊભો થયો. ડેગલર માને છે કે ગરીબ અને ધનિક એ બંનેને એકબીજાને જરૂર છે. ધનિકોએ કાઢી નાખેલી વસ્તુથી ઘરવિહોણા લોકોને ગૌરવપ્રદ જિંદગી મળી. ડેન્ગલરનું ધ્યેય આ બે વર્ગો વચ્ચેની ખાઈ પૂરવાનું છે અને આ પ્રયોગથી એ દિશામાં એમને સારી સફળતા મળી.

**૫.૩ આગામી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ**

**(1) World Conference of Teaching and Education**

હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં તા. ૧૮ થી ૨૦ ઓક્ટોબર દરમ્યાન 'ભણાવવું અને શિક્ષણ' (Teaching and Education) ઉપર એક આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદ યુરોપની પ્રખ્યાત સેન્ટ્રલ યુરોપિઅન યુનિવર્સિટી ખાતે મળશે. જેમાં દુનિયાભરના દેશોના શિક્ષણશાસ્ત્રીઓ અને પરામર્શકો આવી પોતાના સંશોધનોને રજૂ કરશે.

આ પરિષદમાં પેપર રજૂ કરવા માટે નોંધણીની છેલ્લી તારીખ ૧૨ ઓગષ્ટ છે અને એની ફી ૯૫ યુરો છે ત્યાર પછી નોંધણી કરાવનાર માટે ફી

૨૨૫ યુરો છે. પણ જે લોકો માત્ર કોન્ફરન્સમાં હાજરી આપવા જવા ઈચ્છતા હોય તેમને માટે ફી માત્ર ૧૦૦ અને ૧૨૦ યુરો છે.

રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૮ ઓક્ટોબર ૨૦૧૯ છે. ઉપરોક્ત ફી માં રહેવાના ખર્ચનો કે મુસાફરી ખર્ચનો સમાવેશ નથી થતો.

આ પરિષદમાં શિક્ષણને લગતા અનેક પાસાઓની ચર્ચા થશે. જેમાં પ્રૌઢ શિક્ષણ, સર્વસમાવેશી શિક્ષણનો પણ સમાવેશ થાય છે. રસ ધરાવતાં ભાઈ-બહેનો પોતાની વિગતો સાથે ભારતીય સમુદાય શિક્ષણ સંઘ પર ફોન અથવા ઈમેઈલ કરી શકે છે. હંગેરી માટેના વિઝાની જવાબદારી રસ ધરાવતાં સહુની પોતાની રહેશે.

(૨) યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયાના ડીપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનલ સ્ટડીઝ દ્વારા જૂન ૪ થી ૭, વર્ષ ૨૦૨૦ની આંતરરાષ્ટ્રીય પરિષદની જાહેરાત થઈ છે. આ પરિષદનો વિષય છે. 'Adult education in Global Times.' આ પરિષદ વાનકુંવર કેનેડામાં મળશે. પેપર મોકલવાની છેલ્લી તારીખ છે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ છે. આમાં પરિષદની સાથે સાથે પોસ્ટરોની રજૂઆત તેમ જ પરિસંવાદોનું આયોજન પણ કર્યું છે. આ કોન્ફરન્સનું રજિસ્ટ્રેશન ૧લી માર્ચથી શરૂ થશે. રસ ધરાવતાં ભાઈ-બહેનોએ ભારતીય સમુદાય શિક્ષણ સંઘનો સંપર્ક કરવો.

આપણી હોંશિયારી દુષ્ટ અને સખત છે. આપણે ખૂબ વિચારીએ છીએ પણ બહુ ઓછું અનુભવીએ છીએ. મશીન કરતાં વધારે આપણને માનવતાની જરૂર છે. હોંશિયારી કરતાં આપણને સજ્જનતા અને સહૃદયતાની જરૂર છે. વિમાન અને રેડીયોએ આપણને એકબીજાની નજીક આણ્યા છે. આ શોધ જ મનુષ્યમાં રહેલા સારાપણામાંથી, વૈશ્વિક બંધુત્વની ભાવનામાંથી થઈ છે, એનો હેતુ આપણને એક કરવાનો છે. અત્યારે પણ મારો અવાજ આખા વિશ્વમાં લાખો લોકોને પહોંચે છે. લાખો નિરાશ થયેલાને, સ્ત્રીઓને, પુરુષોને, બાળકોને આ સમાજવ્યવસ્થા કે જે માણસને પરેશાન કરે છે અને નિર્દોષોને જેલમાં મૂકે છે તે તમામ લોકો સુધી.

**- ચાર્લી ચેપ્લીન**

The great dictator ફિલ્મમાંથી મૂળ અંગ્રેજીનું ભાષાંતર



## ૬. પુસ્તક પરિચય

અનુભવની એરણ પરથી
પ્રકાશક - મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન
પ્રકાશન વર્ષ : ૨૦૧૭

લેખક : **આચાર્ય મનુસખભાઈ સલ્લા**

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ જૂન-૨૦૦૮માં પ્રકાશિત થઈ હતી. ત્યાર પછી ૨૦૧૭ સુધીમાં પાંચ વખત પુનઃમુદ્રણ થયું છે, જે એને મળેલા સુંદર આવકારને દર્શાવે છે. શ્રી મનસુખભાઈએ (મુખ્ય ગૃહપતિ તરીકે, આચાર્ય તરીકે) મનુભાઈ પંચોળી, મૂળશંકર ભટ્ટ અને ન.પ્ર.બુચ જેવા શિક્ષણના દિગ્ગજોના માર્ગદર્શનમાં કામ કર્યું છે. વિશ્વની એક ઉત્તમ શિક્ષણ પદ્ધતિ નઈ તાલીમ; જે ઉદ્યોગો, સમાજ અને પ્રકૃતિનાં માધ્યમો દ્વારા જીવનને પ્રભાવિત કરે છે. તેનો અનુભવ જેમણે માણ્યો છે તેવા શ્રી મનસુખભાઈ સલ્લાએ આ પુસ્તકનો પ્રારંભ એક શ્રદ્ધા સાથે કર્યો છે કે શિક્ષકની ઈશ્વરનિષ્ઠા અને મૂલ્યનિષ્ઠા એ શિક્ષણના પાયામાં છે. વિદ્યાર્થીની સંભવિત સુષુપ્ત શક્તિઓને જગવવામાં અને ખીલવવામાં એ જ કામ લાગે છે.

આ પુસ્તકનાં ૫૪ પ્રકરણોમાં શ્રી મનસુખભાઈએ સરળ ભાષામાં વિદ્યાર્થીઓ અને સહકાર્યકરો સાથેના અનુભવોમાંથી વિકસેલ મજબૂત વિષયવસ્તુ સૌની સમક્ષ મૂક્યું છે. પુસ્તક એક આદર્શ અસરકરાક શિક્ષકની પ્રતિમા ઊભી કરે છે. એમણે કેટલાક નિયમો બહુ સહજભાવે આપી દીધા છે. પહેલું જ પ્રકરણ 'અનુભવની એરણ મૂલ્યની હથોટી'માં લોકભારતીની શિક્ષણ વ્યવસ્થાનાં મૂળભૂત તત્ત્વો એમણે રજૂ કર્યાં છે. જેમાં આચાર્યનું સ્થાન કાર્યકરો પ્રત્યે સમત્વ, વિચારની સ્પષ્ટતા અને તેજસ્વિતા, પરસ્પર સંવાદ, સંસ્થા માટે એકત્વનો ભાવ, ગૃહપતિ મંડળ, મુખ્ય વ્યક્તિના સૂક્ષ્મ વિવેક અને તાટસ્થ્ય, આચાર્ય અને અધ્યાપન કાર્ય વગેરેની સુંદર ચર્ચા કરી છે. જેમ દરેક સંસ્થામાં થાય છે તેમ લોકભારતીમાં પણ પ્રશ્નો, વિવાદો થાય છે પણ સંવાદથી એને ઉકેલ્યા છે અને આ જ લોકભારતીની વિશેષતા છે.

આ પુસ્તકની પ્રસ્તાવના જ પ્રભાવિત કરે એવી છે. શિક્ષણનું કોઈ પાસું

બાકી રહી જતું નથી. પ્રયોગશીલતા, વિશાળ વાચન અને વિદ્યાર્થી કે સાથી અધ્યાપકો સાથેના અનુભવો દ્વારા કેવી રીતે નિકાલ કરી શકાય તેનું વિવરણ આ પુસ્તકમાં છે.

આ પુસ્તકમાં એક આચાર્યના અનુભવોનું ભાથું છે અને એને એટલી સુંદર રીતે નિરૂપાયું કે આ પુસ્તક હાથમાં લીધા પછી પૂરું કર્યા વગર વાચકને ચેન ન પડે. એકબીજાના વિશ્વાસે લોકભારતીના આચાર્ય તરીકેના અનુભવોને એક વિશેષ મૂલ્ય બક્ષ્યું છે. વિદ્યાર્થીને સંસ્થામાં ગમતું ન હોય કે પછી વિદ્યાર્થીઓની હઠ હોય કે સંસ્થા પર કાળાં વાદળ છવાયાં હોય, આચાર્ય વિદ્યાર્થી વચ્ચેના સંવાદો ખૂબ રસપ્રદ રહ્યાં છે. ભાષાની સરળતા એ વાત કહેવાની એક રસાળ રીતથી આ પુસ્તક વાચકના મનને જકડી લે છે. કેળવણી આપનારને કેટલું જાગૃત રહેવું પડે અને સાચી કેળવણી માટે કેટલું મથવું પડે તે આ પુસ્તકથી સમજાય છે. અજ્ઞાન, કર્મ, સ્વાધ્યાય, ઉત્સવ, ખુલ્લાપણાની વાત જો શિક્ષણ જગતમાં સાર્વત્રિક ન થઈ શકી તો બીજે ક્યાં થશે ?

"Every modern war has had its root in exploitation. The Civil war was fought to decide whether to slave holders of the south or the capitalists of the north should exploit the West. The Spanish-American War decided that the United States should exploit Cuba and the Phillippines. The South African War decided that the British should exploit the diamond mines. The Russo-Japanese War decided that Japan should exploit Korea. The present war is to decide who shall exploit the Balkans, Turkey, Persia, Egypt, India, China, Africa. And we are whetting our sword to scare the victors into sharing the spoils with us. Now, the workers are not interested in the spoils; they will not get any of them anyway."

**-Helen Kellar**



## ૭. આગામી કાર્યક્રમો

### ૭.૧ જે.એસ.ડી.પી.

KAS સંસ્થા દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ ૨૦૧૯માં યોજવામાં આવ્યો છે, જેમાં દેશમાંથી એની સાથે જોડાયેલ ૧૪ સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવી છે. આ વર્ષે મદ્રાસ મેનેજમેન્ટ ઍસોસિએશનને તા. ૧૧ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ કોડાઈ કેનાલમાં આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ વર્ષનો વિષય છે. Change Makers : Learning, Unlearning and Relearning. જેના પેટા વિષયમાંથી ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા 'ભારતીય પર્યાવરણીય કટોકટી અને એમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા' વિશે રજૂઆત કરશે અને તેની સહયોગી સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટમાં નવી ટેક્નોલોજીનું સ્વૈચ્છિક સંસ્થાઓ મહત્ત્વ વિશે રજૂઆત કરશે. તદુપરાંત જે સાત પેટા વિષયની ચર્ચા થશે જે નીચે મુજબ છે.

૧. નેતૃત્વમાં પરિવર્તન
૨. કેટલાક સફળ નેતાઓના કિસ્સા
૩. સ્વૈચ્છિક સંસ્થાઓની નીતિમત્તા
૪. ટેક્નોલોજી પ્રેરિત નવા નવા સંશાધનો
૫. કાયદાનું શાસન-વ્યવસ્થાપન-વ્યવસ્થા અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા
૬. ડિજિટલ અને સામાજિક માધ્યમોનું વ્યવસ્થાપન
૭. ભારતીય પર્યાવરણીય કટોકટી અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

આ કાર્યક્રમમાં બંને સંસ્થામાંથી પાંચ કાર્યકર અને યુવક વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ જોડાશે.

### ૭.૨ મોબાઈલ વીડિયો ફિલ્મ સ્પર્ધા

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અન્વયે આ વર્ષે મોબાઈલ વિડિયોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિષય છે : **ભારતની વધતી જતી વસ્તી એક જટિલ સમસ્યા.** મોબાઈલ ધારકો મોબાઈલની સામાજિક જાગૃતિના હેતુથી ઉપયોગ કરતા શીખે એ ઉદ્દેશ્યથી આ સ્પર્ધા રાખવામાં આવી છે. આ અન્વયે દરેક સ્પર્ધક વિષયને ધ્યાનમાં રાખી બે મિનિટનો વિડિયો તૈયાર કરશે અને નિર્ધારિત દિવસે નિર્ણાયકો સમક્ષ રજૂ કરશે.

સ્પર્ધકો યોગ્ય વિડિયો ઉતારે એ દૃષ્ટિએ તા. ૨૦ જુલાઈ ૨૦૧૯ના રોજ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ ખાતે ત્રણ કલાકની કાર્ય શિબિર રાખી છે. જેમાં દક્ષેશભાઈ ખત્રી અને પ્રા. માલતીબહેન દેસાઈ વિષય વસ્તુની અને ટેક્નોલોજી બાબતે સમજ આપશે. સ્પર્ધામાં વિડિયો મોકલવાની છેલ્લી તારીખ ૧-૮-૨૦૧૯ છે.

### ૭.૩ સંવેદનશીલ નાગરિકત્વ : કાર્યશાળા

ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ મહાવિદ્યાલયના બી.એડ્.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સંવેદનશીલ નાગરિકત્વ પર તા. ૯-૧૦ જુલાઈ, ૨૦૧૯ બે દિવસીય એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશિબિરનો ઉદેશ નાગરિક શિક્ષણનો છે. આપણો દેશ લોકશાહીને વરેલો હોવા છતાં નાગરિક શિક્ષણ પર ખૂબ ઓછું ધ્યાન અપાય છે. શિક્ષિત નાગરિકો પણ બંધારણ વિશે કે મૂળભૂત ફરજો વિશે, ખૂબ ઓછું જાણે છે અને એના પરિણામે લોકશાહી રાજ્યવ્યવસ્થાની અસરકારકતા ઓછી થઈ જાય છે.

સમુદાય શિક્ષણ સંઘની આ શિબિરમાં બંધારણનો પરિચય કરાવવામાં આવશે અને એમાંથી ઊભા થતા નાગરિક જીવનના પ્રશ્નો અને પડકારોની ચર્ચા કરવામાં આવશે. આ દેશના ભાવિ શિક્ષકો એમના વિદ્યાર્થીને સાચું નાગરિક શિક્ષણ કઈ રીતે આપી શકે તેના પર પણ ચર્ચા થશે.

### ૭.૪ શાળામાં સ્વચ્છતા અંગે જાગૃતિ કાર્યક્રમ

અમદાવાદ અને સ્થાનિક તાલુકાની ૬ માધ્યમિક અને ઉ.માં શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ (૫૦-૫૫) સાથે એક દિવસીય સ્વચ્છતા અને પર્યાવરણ અંગે જાગૃતિ કાર્યક્રમ જુલાઈ અને ઑગસ્ટમાં કરવામાં આવશે, જેમાં જૂથ કાર્ય, સ્લાઈડ શો, પ્રવચન અને સ્વચ્છતા માટેના વિદ્યાર્થી તરીકે તેમની ભૂમિકા શી હશે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓ કરશે અને વર્ષ દરમ્યાન એના અમલનું માળખું પણ ગોઠવશે.

### ૭.૫ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન

દર ૧૫મી ઑગસ્ટે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંસ્થા તરફથી ધ્વજવંદનનું આયોજન કર્યું છે. આ ધ્વજવંદનનો ઉદ્દેશ તો આજુબાજુના સામાન્ય નાગરિકોને ધ્વજવંદનની તક આપવાનો છે અને સંસ્થા તરફથી નાગરિક નિષ્ઠાને અભિવ્યક્ત કરવાનો છે. રસ ધરાવતા તમામને આવવા વિનંતી છે. ધ્વજવંદન બરાબર ૮-૩૦ કલાક થશે.



**(અનુસંધાન પૃ.૨ નુ ચાલુ..)**

ઝડપી વિકાસ માટે અંદાજપત્ર મોટા કદના ઉદ્યોગોનો વિકાસ પર વધારે ઝોક આપે છે. નાના ઉદ્યોગોનું રોજગારી અને ઉત્પાદન બંનેમાં ફાળો ઓછો છે. આથી ઝડપી વિકાસ માટે એમના પર આધાર રાખ્યો નથી. વિકાસ માટે જરૂરી એવા કોઈ structural માળખાકીય સુધારાની વાત અંદાજપત્રમાં નથી. અંદાજપત્રમાં માત્ર મધ્યમ અને નાના ઉદ્યોગો અને કોર્પોરેટ વિભાગને ટૅક્સમાં રાહત સિવાય મોટા પાયે મૂડી રોકાણને આકર્ષવા કોઈ ઉપાય લીધા નથી. રોજગારીના પ્રશ્નને તો અંદાજપત્ર અડ્યું જ નથી.

આ અંદાજપત્ર પરના પ્રવચનમાં નાણાપ્રધાને કયા લક્ષ્યાંક માટે કેટલા નાણાકીય સાધનોની ફાળવણી થઈ છે તે બાબતોની ચર્ચા કરી નથી. સમાજ સેવાના ક્ષેત્રોને કુલ નાણાકીય સાધનોના ૫% કરતા ઓછી ફાળવણી કરી છે. ડીફેન્સ જેવા ક્ષેત્રમાં ૯% જેટલી ફાળવણી છે. માત્ર શિક્ષણ માટે ૬% ની માંગણી જ્યારે દેશ કરતો હોય ત્યારે આ રકમો ખૂબ ઓછી લાગે છે.

હર ઘર જલ નામની યોજનામાં ઘરે ઘરે પાણી પહોંચાડવાની વાત છે. નદીઓને પ્રદૂષણમુક્ત કરવાની વાત છે. પણ પાણી આવશે ક્યાંથી ? એ પ્રશ્નનો જવાબ અંદાજપત્ર પાસે નથી. પાણી પુરવઠો વધારવા/બચાવવા બાબતે અંદાજપત્ર મૌન છે.

તમામ લોકોને જરૂરી માહિતી મળી રહે અને લોકો પોતાની માહિતીને જાહેરમાં મૂકી શકે કે ઉદ્દેશ્યથી નાગરિકો માટે કેન્દ્રીય કલ્યાણ માહિતીના નામે એક ડેટાબેઝ કરવાનો ખ્યાલ છે, જેમાં આરોગ્ય, પાણી, સેનિટેશન, ખેતી, ગૃહ, ખેતી કલ્યાણ, પ્રત્યાયન તેમજ માનવ સંસાધન વિકાસના ખાતાઓ જોડાશે. પણ ફરીથી આમાં કેટલાં સંસાધનો રોકાશે એનો અંદાજ નથી. ન્યાયતંત્રમાં જે બેકલોગ છે તેને કાઢી નાખવા માટેની સઘન યોજના ઘડવામાં આવી છે.

આ અંદાજપત્રની મોટી ખામી એ છે કે છેક નીચેના ૨૦% લોકો માટે મૌન છે. આવું કદાચ પહેલીવાર થાય છે. સરકારનું કામ નબળાં વર્ગોને મદદ કરવાનું છે.

આખું અંદાજપત્ર એક જ લક્ષ્ય ધરાવે છે અને એના માટે જે પણ કરવું જરૂરી છે તે કરવું. અર્થતંત્રનું કદ વધારવાનો રોમાંચ આ દેશના ઘણાં લોકોને એ ખબર નથી પણ જો ભૂતકાળની કોઈ પ્રસ્તુતતા હોય તો આ વધારાનું અર્થતંત્ર તે માત્ર ઉપલા પાંચ-દસ ટકા લોકોના અંકુશમાં હશે.

સમગ્ર વિશ્વમાં છેલ્લાં બસો વર્ષમાં Trickle down theory સાચી પડી હોય અને વિકાસનો લાભ બધાને મળ્યો હોય. બૉટમ ઑફ પિરામિડ સુધી પહોંચ્યો હોય એવાં ઉદાહરણ નથી. ચીન, કોરિયા, તાઈવાન કે જાપાન આપણા આદર્શ નથી. આ દેશની તાસીર જુદી છે. વળી અમેરિકાને બાદ કરતાં બધા દેશો પોતાના ઝડપી વિકાસને જાળવી શક્યા નથી અને દેશના વિકાસમાં અધવચ્ચે અટક્યો છે.

આ અંદાજપત્ર એ દૃષ્ટિએ ચિંતા પ્રેરે છે કે આખરે આપણે શું કેટલાંક મૂડીપતિઓને ચરણે દેશ ધરી દેવો છે ? હું આંકડાઓની ચર્ચામાં નથી પડવા માંગતી. કારણ કે આમ પણ અંદાજપત્રના અંદાજો ક્યાં સાચા હોય છે ? કોણ જુએ છે કે કેટલી ફાળવણી થઈ અને કેટલો ખર્ચ થયો ? આપણા દેશમાં જેમ ક્રિકેટ મેચ તેમ બજેટ સાંભળવાનો એક રોમાંચ લોકોને છે. પણ એની વિગતોમાં કોઈ જતું નથી. પણ રોજબરોજના નિર્ણયો માટેની ગુરુચાવી તો ૫ ટ્રિલિયનની કેટલી નજીક પહોંચ્યા કે દૂર રહ્યા એ જ રહેશે ! નવાઈ તો એ છે કે કોઈ પૂછતું પણ નથી કે ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર થવાથી દેશમાં શું થશે ? બિરબલની ખીચડીને પાકવા માટે ક્યાંક દૂર દૂરથી પણ ગરમી મળશે કે કેમ ! નવા કયા પ્રશ્નો ઊભા થશે ? ઇતિહાસ બતાવે છે કે દુનિયાનો કોઈ પણ દેશ સતત ચાલુ ખાતાની ખાધ અને આંતરિક મૂડીરોકાણમાં મંદી સાથે ઊંચો વિકાસદર હાંસલ કરી શક્યો નથી. ભારત આમાં કઈ રીતે નવો ચીલો ચીતરશે તે સમજવું મુશ્કેલ છે. અંદાજપત્રમાં પેટ્રોલના વધતા જતા ભાવો કે અમેરિકા અને ચીન વચ્ચેના વેપારયુદ્ધની સંભવિત અસરોની વાત તો કરી જ નથી. આ સંજોગોમાં જે અંદાજો મૂકવામાં આવ્યા છે તેને એક સોહામણું સ્વપ્ન જ ગણવું પડે ! એની સત્યતા કેટલી તે જાણવું પડે.

આર્થિક નીતિમાં સ્થિરતા આવે તે માટે એનું સતત નિયમન કરવામાં આવશે એમ અંદાજપત્ર કહે છે. પણ કઈ રીતે નિયમન થશે એ ખબર નથી. આપણા જેવા સામાન્ય નાગરિકો માટે તો આ અંદાજપત્ર બિનપારદર્શી અને સમજવામાં મુશ્કેલ છે. વિદ્વાનો એનો અભ્યાસ કરશે પણ પ્રજાની સામેલગીરી એમા ક્યાંથી થાય ! આ અંદાજપત્રથી ગાંધીજીના આર્થિક વિચારોથી આપણે બિલકુલ ઊંધી દિશામાં દેશને લઈ જઈ રહ્યા છીએ અને તે પણ ૧૫૦ વર્ષની ઉજવણીના વર્ષમાં.

**- મંદા પરીખ**



## *વાચકોને વિનંતી*

*૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો* ***વ્યક્તિગત આજીવન*** *સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-,* ***સંસ્થા*** *અથવા* ***યુનિવર્સિટી*** *માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.*

*૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર* ***'યાત્રાપથ'****માં આપનો પરિચય સમાવી શકાય.*

*૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે.* ***'યાત્રાપથ'નું વાર્ષિક લવાજમ*** *માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.*

*૪.* ***'યાત્રાપથ'*** *વિશે આપના* ***પ્રતિભાવો*** *પણ અમને જરૂરથી લખી મોકલશો.* *-તંત્રી*

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014
Published at Ahmedabad.
Editor : Manda Parikh

વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
પ્રતિ નકલ : રૂ. ૧૫/-
Year : 12 Issue No. 3
April - June - 2019

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014